# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

**અંક:** ૧૨

**તારીખ:** ૩ માર્ચ, ૨૦૧૨

**રજૂકર્તા:** ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

**સંચાલક:** સતીશ પરીખ, પ્રદીપ બ્રહ્મભટ્ટ

**વેબ સંચાલન:** વિશાલ મોણપરા

**સંપાદક:** વિજય શાહ, વિશ્વદીપ બારડ

**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ..... 2
ગુજરાતી સાહિત્ય સરિતા બેઠક ૧૧૯- શૈલા મુન્શા ..... 3
આવી ઊભા તુજ દ્વાર – ડો. ઇંદીરાબેન  શાહ ..... 8
સન્માનના વાદળ- પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 9
સુજાતા-ચિત્રોમાં એક ચહેરો- સરયૂ પરીખ ..... 10
છ સુખ- ગિરીશ દેસાઇ ..... 11
વિજય શાહ ..... 12
એકાંતી મોતી - દેવિકા રાહુલ ધ્રુવ ..... 13
કરી દીધા – ચિમન “ચમન” પટેલ ..... 15
મુ. શ્રી ધીરૂકાકાને અર્પણ - પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 16
આત્મ ચિન્તન.હેમાબેન પટેલ ..... 17
અંતર-  શૈલાબેન મુન્શા ..... 19
હવે ફાવી ગયું છે- પ્રવીણા કડકીયા ..... 20
કદી કરવું પડે છે – ‘મનુજ’ હ્યુસ્તોનવી ..... 21
આમ કેમ? વિશ્વદીપ બરાડ ..... 23
સુરેશ બક્ષી ..... 24
વસંતના વધામણા – પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 25
નવો પ્રેમ – ગૌરાંગ નાયક ..... 26
પુસ્તકોનો એક્વીસમી સદીમાં ઇ. બુક સ્વરુપે પ્રવેશ - વિજય શાહ ..... 27


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# ગુજરાતી સાહિત્ય સરિતા બેઠક ૧૧૯- શૈલા મુન્શા

**તસ્વીરો - જયંત પટેલ**



ગુજરાતી સાહિત્ય સરિતા ૧૧૯મી બેઠક ના યજમાન હતા મુરબ્બી શ્રી ધીરુભાઈ અને એમનુ કુટુંબ. તા ૨૫ ફેબ્રુઆરી બપોર ના બેઠકનો આરંભ દીનેશભાઈ મહેમાનગતિ થી થયો. ગરમ સમોસા ભજિયા ને ચા ને ન્યાય આપી સભાની શરૂઆત થઈ. આ વખતના કો-ઓર્ડીનેટર સતીશભાઈએ સભાનો આરંભ કર્યો. સહુનુ સ્વાગત કરતાં ટુંકમા કાર્યક્રમની માહિતી આપી સુકાન શ્રીમતી શૈલાબેન મુન્શા ના હાથમા સોંપ્યુ જે સભાના સંચાલક હતા.



નીખીલ મહેતાનાં બુલંદ સ્વરની પ્રાર્થના

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

સભાની શરૂઆત નીખીલભાઈ એ એમના ભાવવાહી અવાજ સુંદર પ્રાર્થના ગાઈને કરી. ત્યારબાદ સરિતા ના કાર્યનિષ્ઠ સભ્ય શ્રી કાંતિભાઈ જેમનુ ટુંક સમય પહેલા અવસાન થયું હતું એમને શ્રધ્ધાજંલિ અર્પવા બે મીનિટ નુ મૌન પાળવા મા આવ્યું.




**સભા સંચાલક સુ.શ્રી શૈલાબેન મુન્શા, ગુ. સા, સ, સંચાલક શ્રીસતીશ પરીખ અને સહ સંચાલક શ્રી પ્રદીપ બ્રહ્મભટ્ટ**

પોતાની રચના રજુ કરવા સંચાલકે સહુ પ્રથમ દેવિકાબેન ને આમંત્ર્યા.




વસંત ના વધામણા પર "ક્યારેક તો બસ એમ થાય વાસંતી વાયરામા" એ કાવ્ય દેવિકાબેન ધ્રુવે રજુ કર્યું.

સાહિત્ય સરિતા મા એક નવા કવિ નુ આગમન થયું. ગૌરાંગભાઇ નાયક જેઓ  કાર્યથી ઇજનેર છે પણ માતૃભાષા પ્રત્યે અજબ પ્રેમ છે  જુવાન પેઢી ની ભાષા પ્રત્યેની લાગણી અને અંગ્રેજી માધ્યમ મા ભણતર છતાં ગુજરાતી મા કાવ્ય રચના એ બતાવે છે કે ભાષા ક્યારેય મરતી નથી. ગૌરાંગભાઈ એ "નવો પ્રેમ" અને "ઘસાતું બાળપણ" બે રચના રજુ કરી, જેમા ઘસાતું બચપણ જે પહેલાના જમાના મા નાનકડી કન્યા પરણી ને સાસરે જાય અને એની મનોવેદના નુ વર્ણન એવું સુંદર હતું કે સમગ્ર શ્રોતાજન ની આંખોમા ભીનાશ દેખાઈ આવી.



પ્રકાશભાઈ મજુમદારે રમેશ ગુપ્તાની રચના "માહતાબ સમો મધુરો" જે મુકેશ ના સ્વરમા ગવાયેલી છે તે એમના મધુર સ્વરમા રજુ કરી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.




શ્રી ધીરુભાઈ શાહે વસંત ઋતુ વિશે માહિતી આપી. "બધી ઋતુમા વસંત શ્રેષ્ઠ છે." હ્યુસ્ટન ના ચાર કવિ ની કવિતાઓ ગુજરાત દર્પણે "કાવ્ય સંચય" નામનુ પુસ્તક બહાર પાડ્યું છે એમા છપાઈ છે તે વાત જાહેર કરી આનંદ વ્યક્ત કર્યો.
ડો ઈંદુબેન શાહે "ફાગણ આવ્યો વસંતના એલાન થયા" કાવ્ય રજુ કર્યું
નરેન્દ્રભાઈ વેદે સભા સંચાલક વિશે એક લેખ વાંચ્યો
ચીમનભાઈ પટેલે ૧૯૬૪ મા રચેલું એમનુ કાવ્ય "ખુદને ખોઈ બેઠી છું" રજુ કર્યું.
વિજયભાઈ શાહે ગુજરાતી સાહિત્ય સરિતા ને બહુમાન આપતાં જણાવ્યું કે સરિતા સાથે જોડાયા બાદ એમની લેખન પ્રવૃતિને વેગ મળ્યો છે, અને વય વધતાં પ્રેમ કરવાનો પ્રકાર બદલાય વિશે એક કાવ્ય રજુ કર્યું.
પ્રદીપભાઈ બ્રહ્મભટ્ટ જે હમણા જોઈન્ટ કો-ઓર્ડીનેટર પણ છે એમણે "શાંતિ નો સહવાસ મળે જીવનમા, ને દેહ ઉજ્વળ થાય" એ કાવ્ય રજુ કર્યું.
સુરેશભાઈ બક્ષીએ "છીદ્ર વાળું વહાણ છે તો છે" એ સરસ નાનકડું મુક્તક રજુ કર્યું.
સતીશભાઈ પરીખે "વેલેન્ટાઈન ડે" પર મ્રુગાંગ શાહની ગઝલ "તારા માટે લેવા નીકળ્યો ગુલાબ તો જોઈ મોટી લાઈન" એ રજુ કરી.

દરેડિયા સાહેબ જે "ગુજરાત ગૌરવ" નામનુ મેગેઝિન બહાર પાડે છે અને સાહિત્ય સરિતા ના કવિ અને લેખક મિત્રો ની કૃતિ પણ એમા રજુ કરે છે, એમણે કમલેશ સોનાવાલા ની વસંત પરની કવિતા "વીતી ગયો છે દિન બધો, છતાં અજવાસ બાકી છે" રજુ કરી.
મનોજ મહેતા એ પોતાની ગઝલ "હવે તો" જેના શબ્દો છે "સમજવા કરૂં હાડમારી, સમજ મા ના આવે આ મારી તો" રજુ કરી.
શૈલાબેન મુન્શા એ કવિ મેઘબિંદુ નુ કાવ્ય " ફાગણ નો ફાગ અને ટહુકા નો સાદ પછી મલક્યા વિના તે કેમ રહીએ" રજુ કર્યું



ડો કમલેશ લુલ્લાએ શ્રી ધીરૂભાઈનુ બહુમાન કરતાં ડો નરસી પટેલ નુ પુસ્તક “pinch yourself and touch someone” અર્પણ કર્યું

અશોકભાઈ પટેલે પ્રેમ વિશે વાત કરતાં” પ્રેમનુ પુષ્પ ખીલવા માટે કોઈ મોસમની જરૂર નથી” ની રજુઆત કરી.


પ્રશાંત મુન્શાએ સરસ મુક્તકો રજુ કર્યા.” ક્ષણવાર આંખો ના ઈશારા બધું કહી જાય છે.”

વિશાલ મોણપરા જેણે “પ્રમુખ પેડ” બનાવી સહુ સાહિત્ય પ્રેમી ને ગુજરાતી મા સરળ રીતે ટાઈપ કરી શકવાની સગવડ કરી આપી એમણે બે પંક્તિ રજુ કરી”મારો અભાવ મોરની માફક ટહુકશે, ઘેરાશે વાદળ ને હું યાદ આવી જઈશ”



**ગુજરાતી સાહિત્ય સરિતાનાં વયસ્ક(૯૨) કવિ અને લેખક શ્રી ધીરુભાઇ નું સન્માન પ્રદીપભાઇ બ્રહ્મભટ્ટ અને સતીશભાઇ પરીખ દ્વારા**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.



**ગુજરાતી સાહિત્ય સરિતાનાં સૌથી નાના અને યુવા પેઢીનાં અગ્રણી શ્રી વિશાલ મોણપરાનું સન્માન વડીલ ધીરુભાઇ શાહ દ્વારા**

સાહિત્ય સરિતા તરફ થી વિશાલ મોણ પરા અને શ્રી ધીરૂભાઈ શાહ નુ સન્માન પત્ર આપી એમની સિધ્ધીઓ બદલ બહુમાન કરવામા આવ્યું.

ફરી પાછો સભાનો દોર સંચાલકે કો-ઓર્ડીનેટર ના હાથમા સોંપ્યો. સર્વે નો આભાર અને ખાસ કરી ને યજમાન કુટુંબનો આભાર જેમણે આવા સુંદર બેન્ક્વેટ હોલમા સભાનુ આયોજન કર્યું અને નાસ્તાથી માંડી જમણ સુધી ની આગતા સ્વાગતા કરી.

અંતમા દિનેશભાઈ શાહ(ધીરૂભાઈ ના પુત્ર) અને એમના કુટુંબી જનો તરફથી યોજાયેલ ભોજન નો આનંદ માણી સહુ છુટા પડ્યા. અસ્તુ.

અહેવાલ લેખિકા શૈલાબેન મુન્શા. તા. ૦૩/૦૩/૨૦૧૨.

# આવી ઊભા તુજ દ્વાર – ડો. ઇંદીરાબેન શાહ



જીંદગીમાં અડચણો અથડામણો સહી
કદીક ફૂલહાર કદીક કાંટા સહ્યા
આવી ઊભા તુજ દ્વાર
દુશ્મનોની અવહેલના ઇર્ષા લીધી સહી
સ્વજનોએ મુખ મરોડ્યા સ્વીકાર્યું હસી
આવી ઊભા તુજ દ્વાર
જાણીતા બની અજાણ્યા રહ્યા ઊભા
અજાણ્યા દોડ્યા હર્ષે મિલાવ્યા ખભા
આવી ઊભા તુજ દ્વાર
સારા નરસાની ચર્ચા મુકી પડતી
દેશના સમતાના સહારે લીધું જીવી
આવી ઊભા તુજ દ્વાર
રાહ આજ બદલ્યો કેમ? નિત્યનો રાહી!?
ના પૂછ સવાલ અપનાવ બાહુ પ્રસરાવી
આવી ઊભા તુજ દ્વાર

# સન્માનના વાદળ- પ્રદીપ બ્રહ્મભટ્ટ



માન મુકીને માળીએ જીવનમાં,વિશ્વાસની પકડી છે કેડ
મળી ગઈ કી બોર્ડમાં ભાષા,લઈ આવ્યા ગુજરાતી છેક
. ............એ છે વિશાલભાઈનો ગુજરાતી પ્રેમ.
આંગળી પકડી ગુજરાતીની,ભાષાને હ્યુસ્ટન લાવ્યા સાથ
સિધ્ધીના સોપાન મેળવતાં,કૃપા શ્રી પ્રમુખ સ્વામીની થાય
મનથી મેળવેલી માનવતા,જે પિતા બચુભાઇથી મેળવાય
અભિમાનની કેડીને મુકતાં જ,સન્માનના વાદળ વર્ષી જાય
. ............એ છે વિશાલભાઈનો ગુજરાતી પ્રેમ.
સરસ્વતી સંતાન બન્યા જ્યાં,ત્યાં મનમાં જ પ્રેરણા થાય
નિખાલસ પ્રેમ લેતાં પ્રમુખ સ્વામીનો,સિધ્ધીએ દીધો છે સાથ
ગઝલનો શોખ ને ટ્રેકનોકેડ,એ જ સાચી બુધ્ધિથી પરખાય
મળે માન સન્માનની કેડી,જે વાંચી જગે વડીલોય હરખાય

એ છે વિશાલભાઈનો ગુજરાતી પ્રેમ.વિશ્વમાં ગુજરાતી ભાષાને લોકપ્રીય બનાવવા માટે હ્યુસ્ટનમાં ગુજરાતી સાહિત્ય સરીતાને ભાષાના છાપરે મુકનાર દામનગરમાં જન્મેલા અને કૉમ્પ્યુટર પર ગુજરાતી તથા બીજી ભારતીય ભાષાને લખવાની તક આપનાર શ્રી વિશાલભાઈ મોણપરાને જગતના  ગુજરાતીઓને સન્માન અપાવવા માટે પ્રમુખ ટાઇપ પૅડ એ તેમની અને હ્યુસ્ટનના ગુજરાતીઓની સિધ્ધી બનાવી છે તે અમારુ ગૌરવ છે.તેની યાદગીરી અને સન્માન રૂપે આ નાની ભેંટ ગુજરાતી સાહિત્ય સરીતાના સભ્યો તરફથી આજે અર્પણ કરીએ છીએ.

લી. પ્રદીપ બ્રહ્મભટ્ટ (ગુ.સા.સ.હ્યુસ્ટન સહ સંચાલક) તાઃ૨૫/૨/૨૦૧૨

# સુજાતા-ચિત્રોમાં એક ચહેરો- સરયૂ પરીખ



એ મારા ચિત્રો અને ચિત્તમાં વસી ગઈ,
એણે પ્રેમ કરીયો કે નહીં! વાત વીતી ગઈ.

વિધિના વિધાન સી એ પહેલી મુલાકાત,
નજરૂં મળતા રે ખીલી પૂર્ણ ચન્દ્ર રાત.
એને મન ચિરાગ જલ્યો હતો કે નહીં!
જલે દીપ આજ પણ, જલુ હું સંગ સંગ.

મારા મૂક પુષ્પો એના પંથમાં કરમાય ,
ત્યાં એ ગયા દોડી, ફૂલ મોંઘા દેખાય.
મારા કુસુમોને એણે સૂંઘ્યા કે નહીં!
સજાવે સુગંધ હજી સપનાની સેજ.

પૂર્વગતા દિવસો અજવાળે મમ આજ,
મેઘધનુ રંગ ભરે અલ્પ એ સંગાથ.
સુવિધા ને સુખ એને મળીયા કે નહીં!
હસતો એ ચહેરો ચિત્રોમાં છે અહીં.


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# છ સુખ- ગિરીશ દેસાઇ


પહેલું સુખ સંતોષ છે.
બીજું છે સ્વસ્થ શરીર
ત્રીજું સમ્યક વિચાર છે
ચોથું કરવું મનને સ્થિર.
પાંચમું રાખો સદભાવના
છઠ્ઠે ત્યજવું ખોટું ખમીર
આ છ સુખ પામીને થયા
મુકત બુદ્ધ અને મહાવીર
૨-૨૫-૨૦૧૨

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વિજય શાહ


સાહીઠે એવું તો માનવું રહ્યું કે
હવે જેટલું જીવ્યા તેટલું તો
જીવવાના નથી
ઢળતી ઉંમરે "રહી ગયા"નો
વિષાદ કરવા કરતા
"જેટલું જીવ્યા" તેનો આનંદ
સારા દિવસોનો સરવાળો ને
"ન મળ્યાની" લાગણીઓની
બાદબાકી
જે છે તે આ જ છે
અને આજમાં આપણે સૌ સાથ
છીયે
તે માણવાની વાત
વિજય શાહ
www.vijayshah.wordpress.com
છબી - જયંત પટેલ

# એકાંતી મોતી - દેવિકા રાહુલ ધ્રુવ




**”સબરસ ગુજરાતી” પર યોજાયેલ ‘એકાંત’ વિષયક સ્પર્ધામાં**
**નોંધપાત્ર રચનાઓમાં પ્રથમ સ્થાન પામેલ આ “એકાંતી મોતી”.....**

એકાંતી મોતી અમે વીણવાને બેઠા, ત્યાં વળગીને આવી આ અમોલી વાત.
સદીઓથી સંતો ને સૂફીઓએ દીઠા, એ રત્નો ન પામે આ માણસની જાત!

કોઇ કહે એકાંત મુજને છે વહાલું,
ને કોઇ કહે એકાંત લાગે અકારું;
ખુદને ડુબાડી ભીતરમાં જઇ જોઇ,
મોંઘી ત્યાં જોડી જીવ-શિવની નોખી.

નીરવ વનમાં કોયલના ટહુકા- શી મૌનના કો’ ગેબી આ પડઘાની વાત,
એકાંતે સંતો ને સૂફીઓએ દીઠા, એ રત્નો ન પામે આ માણસની જાત!


ધરતીને ઓઢાડી,સૂવાડી ડૂબે,
પેલો સૂરજ પણ એકાંતી દરિયે;
નીરખે બંધ આંખે ને ઊંડે જઇ ભરે,
અજવાળા લાવી ને દુનિયા પર વેરે.

વાલિયા લૂંટારાના કાયાપલટ કર, એકાંતી એવા આ વાલ્મીકિ ભાત!!
સદીઓથી સંતો ને સૂફીઓએ દીઠા, એ રત્નો ન પામે આ માણસની જાત!

શબ્દોને પાર, દૂર મૌનને આવાસ,
ક્ષણ સંભળાય ઉર એકાંતી નાદ;
અદ્વૈત આનંદ ને ઉજ્જવલ ઉજાસ,
બસ આરપાર રોમ ઓમ શાંત..

"અહમ્ બ્રહ્માસ્મિ" ને "સોહમ્"ના તારની અદ્ભૂત સરગમ દે અનંતનું ગાન,
એકાંતે સંતો ને સૂફીઓએ દીઠા, એ રત્નો ન પામે આ માણસની જાત!

# કરી દીધા – ચિમન “ચમન” પટેલ



# મુ. શ્રી ધીરૂકાકાને અર્પણ - પ્રદીપ બ્રહ્મભટ્ટ



તાઃ૨૫/૨/૨૦૧૨

મળે સાહિત્ય સરીતાને સન્માન,જે સૌનું ગૌરવ છે કહેવાય
કલમની કેડી લાવ્યા હ્યુસ્ટનમાં,જેમાં ધીરૂકાકાય ઓળખાય
... .............મળે સાહિત્ય સરીતાને સન્માન.
લાગણી પ્રેમને કલમમાં પકડી,સૌના દીલને એ જીતી જાય
શબ્દનો સથવારો મેળવીચાલે,એજ બને આપણું અભિમાન
ધીરૂભાઇ શાહની ઓળખ અનોખી,જે તેમની કલમથી સમજાય
વડીલ હોઇ વંદન કરતાં પ્રદીપથી,તેમને ધીરૂકાકા કહેવાય
. ..............મળે સાહિત્ય સરીતાને સન્માન.
આંગણીનો અણસાર ચીંધતાં,સૌને એ માર્ગ બતાવતા જાય
શબ્દ શબ્દની સમજ પડતાં,સૌ વાંચક ગુજરાતીઓ હરખાય
એક શબ્દના અર્થ અનેક,જે તેમની રચનાઓથી સમજાય
ગૌરવ સાહિત્ય સરિતાનું એ છે,જે થકી ભાષા ઉજ્વળ થાય
. ...............મળે સાહિત્ય સરીતાને સન્માન.
માન શબ્દને મુકતા નેવે,જગતમાં સન્માન તેમનું જ થાય
લાગણી પ્રેમની કદરકરતાં,આપણું ગુજરાતી કાંઇક લખાય
મળે કૃપા મા સરસ્વતીની,જે તેમની રચનાઓથી જ દેખાય
સદા મળે પ્રેમે આશીર્વાદ અમને,પાવન કલમ અમારી થાય
. ...............મળે સાહિત્ય સરીતાને સન્માન.

ગુજરાતી સાહિત્ય સરીતા,હ્યુસ્ટનનું ગૌરવ સમાન મુ.શ્રી ધીરૂકાકાને ગુજરાતી સાહિત્ય સરીતાના સભ્યો તથા શ્રી પ્રદીપ બ્રહ્મભટ્ટ તરફથી યાદગીરી રૂપે ભેંટ. તાઃ૨૫ ફેબ્રુઆરી,શનીવાર, હ્યુસ્ટન. (ગુ.સા.સ.બેઠક #૧૧૯.)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આત્મ ચિન્તન.હેમાબેન પટેલ

આપણે જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં જવુ હોય તો સૌથી પહેલાં તેના માટે, જ્ઞાન માટે માહિતી ભેગી કરીએ અને આગળ વધીએ તેવીજ રીતે આધ્યામિક માર્ગ પર ચાલવુ હોય તો આપણે તેના જ્ઞાન માટે વેદ,પુરાણ,ઉપનીષદ,ધાર્મિક પુસ્તકોનો સહારો લઈને

જ્ઞાન મેળવીએ છીએ. અને સાથે સાથે કોઈ જ્ઞાની ગુરુના સાનિધ્યમાં જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ.ગુરુ શિષ્યને યોગ્ય જ્ઞાન આપીને આધ્યામિક માર્ગ પર આગળ વધવામાં મદદ રૂપ થાય છે.આતો છે ભક્તિ માર્ગ, ભક્તિથી ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.બીજો માર્ગ છે યોગ માર્ગ યોગ પણ એક વિજ્ઞાન છે. આજનુ આધુનીક વિજ્ઞાન યોગ વિજ્ઞાનને નથી માનતુ. આધુનીક વિજ્ઞાન પ્રયોગોને આધારે જે પરિણામ આવે તેને માને છે.પરંતુ યોગ વિજ્ઞાનમાં બતાવેલ માહિતીમાં કોઈ માને કે ના માને પરંતુ સત્ય છે. કોઈ પ્રખર ધ્યાનયોગ સાધનાથી ઉચાઈએ પહોચેલ ગુરુ શિષ્યને યોગ્ય માર્ગ દર્શનથી શિષ્યને મોક્ષ અપાવી શકે.ભક્તિ માર્ગમાં શાસ્ત્રને આધારે અને આપણે જે સંપ્રદાય અથવા જે ધર્મ અપનાવ્યો હોય તે પ્રમાણે તેના નિતિ નિયમો પ્રમાણે ચાલવુ પડે છે. જ્યારે યોગ માર્ગ એવો છે જેમાં વ્યક્તિએ પોતે પોતાની જાત પર પ્રયોગ કરવાનો છે. ધ્યાનમાં બેસવાનુ છે, એકાગ્રતા લાવવાની છે તેમાં કોઈ બે મત નહી. જ્યારે અલગ-અલગ સંપ્રદાય અને અલગ-અલગ ધર્મો, એકજ વસ્તુ, એકજ વાત માટે તેમના જુદા જુદા વિચારો અને અભિપ્રાય હોય, બે મત હોય.આ ધ્યાન જ એક એવી પધ્ધતી છે જેમાં કોઈ બે મત નથી.ભક્તિ માર્ગમાં મોક્ષ મળે પરંતુ એક જન્મમાં ક્યારેય ન મળે, કેટલા જન્મો પછીથી મોક્ષને પામી શકાય જ્યારે યોગ માર્ગમાં પ્રખર સાધનાથી ધારો તો મોક્ષ જલ્દી મળી શકે.યોગ વિજ્ઞાન એ બહુજ ઘહન વિષય છે, જે એક બે પાનામાં ન લખી શકાય આપણા ઋષિ મુનિયોએ વર્ષો યોગ તપસ્યા કરી છે.

**યોગ વિજ્ઞાનમાં, યોગની ભાષામાં આપણા સાત શરીરનુ વર્ણન છે.**

૧-સ્થુળ શરીર, ૨-પ્રાણ શરીર, ૩- સુક્ષ્મ શરીર, ૪-કારણ શરીર, ૫-મહા કારણ શરીર, ૬-ચૈતન્ય શરીર, ૭-વિરાટ શરીર. અને શુક્ષ્મશરીરમાં સાત ચક્રોનુ વર્ણન છે. આ સાત ચક્રો નીચેથી ઉપરની તરફ,

૧-મુલાધારચક્ર, જેને ચાર પાંખડી. ( ગણેશ)

૨-સ્વાધિષ્ઠાનચક્ર, જેને છ પાંખડી. ( બ્રહ્મા)

૩-મણિપુરચક્ર , જેને દસ પાંખડી. ( વિષ્ણુ )

૪-અનાહતચક્ર, જેને બાર પાંખડી. ( શિવ )

૫-વિશુધચક્ર , જેને સોલ પાંખડી ( જીવ )

૬-આજ્ઞાચક્ર, જેને બે પાંખડી. ( આત્મા)

૭-સહસ્ત્રાધારચક્ર, જેને હજાર પાંખડી.( પરમાત્મા)

( મહાવીર ભગવાન જ્યારે જંગલમાં વિચરણ કરતા અને તેઓ જ્યાંથી પસાર થતા ત્યારે બે માઈલના અંતર સુધી જંગલી પ્રાણીઓ બીજા પ્રાણીની હત્યા કરવાનુ ,હિન્સા કરવાનુ છોડી દેતા હતા. મહાવીરસ્વામિ મનુષ્ય અવતારમાં હતા, અને તેમના તેજનો પ્રભાવ દુર દુર સુધી હતો સાધનાથી તેમના શુક્ષ્મ શરીરનો ઘેરાવો માઈલો સુધી દુર સુધી વીકસેલો હતો ).

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

કોઇ સિધ્ધ ગુરુ શિષ્યને શક્તિપાત આપે એટલે તે વ્યક્તિની કુન્ડલીની જાગૃત થાય.કુન્ડલીની નીચેથી ઉપર પહેલા મુલાધાર ચક્રમાં પ્રવેશે અને કુન્ડલીની તેનુ કામ શરૂ કરી દે, કુન્ડલીની એક પછી એક બધા ચક્રોમાંથી પસાર થાય છે,અને અનેક જન્મોના ભેગા થયેલ સારા ખોટા કર્મોને બાળી મુકે અને જ્યારે બધાજ કર્મો બળીને ભસ્મ થાય એટલે મનુષ્યને મોક્ષ અપાવે.કુન્ડલીનુ કામ છે આત્માને પરમાત્મા સાથે મિલાવવાનુ. નિયમિત ધ્યાનથી શુક્ષ્મ શરીરના ચક્રો ગતિમાન થાય છે. જાગૃત કુન્ડલીની યોગ સાધનાથી આ વ્યક્તિનુ મન ધીમે ધીમે શાંત થતુ જાય છે. અને જ્યારે મન શાંત પડે પછી પાંચ જ્ઞાનેન્દ્રીયો કાબુમાં આવે અને સાધક વ્યક્તિને ધ્યાનસ્થ અવસ્થા આવી જાય.એ વ્યક્તિ અંર્તરમુખ બની જાય.બાહ્ય જગત તેને મન તુચ્છ લાગે છે,સાચો આનંદ આપણી અંદર જ રહેલો છે,અને તે નીજાનંદમાં મ્હાલે છે. પછી દુનિયાની મોહ માયા, લાલચ, રાગ-દ્વેષ કંઈજ રહેતુ નથી. અને આવી વ્યક્તિના મોક્ષના દ્વાર ખુલી જાય છે.

ન જન્મ ન મૃત્યુ, ચિદાનંદરુપઃ

શિવોહમ – શિવોહમ -શિવોહમ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અંતર- શૈલાબેન મુન્શા


અંતર
અંતર ન રહે સ્વજનો થી
કદી ય અંતર થી.
ભલે વસે સૌ જોજનો દુર,
તોય કદી ના અંતર, અંતર થી.
કદી કો સાવ નજદીક ને
પુરાય ના અંતર કદી,
ભલે નજરો થી ઓઝલ
છલકાય જાય અંતર કદી.
રહી જાય રાત અધુરી,
ને રહી જાય વાત અધુરી.
રોક્યું રોકાય ના જો હૈયું,
તો વહી જાય વાત અંતર થી.
વહેતી નદી ના કિનારા બે,
રહે સામ સામે તોય અંતર,
જો હો ચાહત, ને બસ વિશ્વાસ
એક પુલ મિટાવે એ અંતર.
અંતર ન રહે સ્વજનો થી
કદી ય અંતર થી,
એક જ્યોત ઝગમગે

# હવે ફાવી ગયું છે- પ્રવીણા કડકીયા

વર્ષોનાં વહાણાં વાયા હવે આ દેશમાં મને ફાવી ગયું છે
સવાર પડેને નિયંત્રણવાળી જીંદગી મને ફાવી ગઈ છે
એમ ન માનશો મારી માતૃભૂમિને મેં વિસારે પાડી છે
તેની યાદોમાં રાચી મોજ માણવાનું મને ફાવી ગયું છે
ચોપાટીની ભેલને પાણી પૂરીની યાદ કદીક આવે છે
પણ ટાકોને પિઝ્ઝા ખાવાની મોજ મને ફાવી ગઈ છે
મિત્રો સાથે સિનેમા ને નાટકની મીઠી સંગત સતાવે છે
હવે અમેરિકામાં દર મહિને જોવા જવાનું ફાવી ગયું છે
મંદિર સત્સંગ ગીતા જ્યાં દોહ્યલાં અને દુષ્કર થયા છે
દર અઠવાડિયે સત્સંગ ભજનમાં જવું હવે ફાવી ગયું છે
સગા વહાલાં તહેવાર ટાણે સહુ હવાખાવાચાલી જાય છે
કુટુંબ મિત્રો સાથે ટાણા ઉજવવાનું હવે ફાવી ગયું છે
પશ્ચિમની હવાથી વટલાઈ જ્યાં દેશે ભુલથાપ ખા્ધી છે
પશ્ચિમમાં આપણી સંસ્કૃતિ જાળવવાનું હવે ફાવી ગયું છે

# કદી કરવું પડે છે – 'મનુજ' હ્યુસ્તોનવી

ના મળે જો કાંઇ તો તે પણ કદી કરવું પડે છે.
રાહમાં પારોઠનું પગલું કદી ભરવું પડે છે.
સાથ કેવો? વાટ કેવી? એ જરા જોવું પડે છે,
માછલીને જળ મહીં ક્યારેક તરફડવું પડે છે.
લોક એવું છો કહે પણ આ ફક્ત એક ભાસ છે,
આસમાંને પણ, કદી કોઈ જગા ઝુકવું પડે છે.
જર, જમીં, જોરૂ કરે કજિયો પલક મારો તમે,ને-
આપના ખિસ્સા મહીં લીલાશને સે'વું પડે છે.
હો ભલે માયા તણા સો મણ વજનનું ગુલબદન,
પ્રાણ સરકી જાય તો એ લાશને તરવું પડે છે.
દેવકી, મંદોદરી, કુંતિ અને કૈકેયી, પણ-
મા ખરેખર મા જ રે' છે, લોકને કે'વું પડે છે.
ઊડવાના હોય સપના છો ભલા માણસ તમારા-
પણ, છતાં, અગણિત વખત નીચે ભલા પડવું પડે છે.
હ્રદયથી આંખો સુધી અશ્કો ઉપર ચઢતા રહે,પણ-
ઢાળ છે તો નીરને પાછા પગે વ્હેવું પડે છે.
આદમી અહીં આદમી બનવા કરે હરકત, પરંતુ-
કોણ કે' છે આદમીને જાનવર બનવું પડે છે.
વાદળાં ડૂસકે ચઢે તો તે વરસવા માંડશે, પણ-
એ જ વાદળ ગરજશે તો ભટકતા ફરવું પડે છે.
દૂધ પાણીને અલગ જે પાડશે તે હંસ છે, પણ-
લોભમાં ભરવાડને એ એકઠું કરવું પડે છે.
આંખમાં જેની અસંખ્ય ઝંખનાઓ હણહણે છે,
ભર-બહારે એ કળીને કાં ભલા ખરવું પડે છે.
ચાલમાં સહુની તફાવત કેટલો ઉત્કટ રહે છે,
હંસલાની જેમ ચાલે કાગ તો હસવું પડે છે.
કરકસર કરવી જરૂરી છે, પરંતુ, કૃપણતામાં-
એ કદી ના પરિણમે, એવું અચુક શિખવું પડે છે.
બે ઘડી પે'લા ચમકતો ને હવે ખરતો સિતારો-
જોઇ સમજ્યો, આસમાંને પણ કદી ઝુકવું પડે છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ફળ, ફૂલ કે પશુ પક્ષીના ગુણ અવગુણ અપનાવી,
આદમીને આદમી બનવા ઘણું મથવું પડે છે.
પત્થર એ પત્થર જ રે' છે, એ કદી પીઘળે નહીં,
પણ, રહે જો જળ મહીં, એને ય પીઘળવું પડે છે.
કરકસર ને કૃપણતા એ મા અને માસી સમા છે,
મા રહે છે મા સદા, માસીને મા બનવું પડે છે.
યાદ છે કો'કે કહ્યું' તું ભીંતને પણ કાન છે, ને-
ભીંત ખુદ જાસૂસ હો એ સત્ય,પણ, સમજવું પડે છે.
ઊડવાની સહેલ સુંદર, તે છતાં ક્યાં છૂટકો છે,
તણખલાને પણ પછી નીચે જ પછડાવું પડે છે.
ચાર છે મીનાર ઉંચા આસમાંને છેદતાં, ને-
રાતના આકાશની છાતી રજત ખૂને વહે છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આમ કેમ? વિશ્વદીપ બરાડ




તું ને હું બન્ને એક ,
છતાં રસ્તા અલગ, આમ કેમ !
તું ક્યારે, ક્યાં અટકી જશે,
ખબર ના પડે, આમ કેમ ?
તારા વગર પળ જીવી ના શકું,
તોય તું કદર ના કરે,આમ કેમ ?
લાંબી મંઝીલ પાર કરવા તત્પર ,
ને તું ટુંકાવી દે, આમ કેમ ?
આગળ-પાછળની સંતા-કુકડી,
સદાય તું જ જીતે , આમ કેમ ?
માનવ છું,મહત્વકાંક્ષી છું,
તું ક્યાં પુરી કરવા દે છે! આમ કેમ ?
તું ધારે મારો શ્વાસ રુંધાવી દે,
હું કઈ કરી ના શકું આમ કેમ ?
ઓહ! જિંદગી હું તારે પનારે!
તું ધારે એમ નચાવે! આમ કેમ ?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સુરેશ બક્ષી


આટલી ભીનાશ હોયે દિલમાં
ઇચ્છાઓ જરુર રડતી હશે
સપના તો સૌ વિખરાયા પણ
એંધાણી સ્વપ્નની ક્યાંક મળતી હશે
—
એવું તો શું વસે મારા દિલમાં
આનંદ સદા રહે મારા દિલમાં
મુસીબતોને પડકાર છે મારા
રાણાનું બખ્તર રહે મારા દિલમાં
સુરેશ બક્ષી

# વસંતના વધામણા – પ્રદીપ બ્રહ્મભટ્ટ



# નવો પ્રેમ – ગૌરાંગ નાયક



# પુસ્તકોનો એકવીસમી સદીમાં ઇ. બુક સ્વરુપે પ્રવેશ - વિજય શાહ



૮માં ધોરણમાં ભણતો એક નાનક્ડો કિશોર વેકેશનમાં જુનાગઢની લાઇબ્રેરીનાં સમગ્ર પુસ્તકો વાંચી લીધા પછી પુસ્તકાલયનાં અધિકારી સાથે વાત કરતો હતો.. "આ કિશોર વિભાગમાં નવા પુસ્તકો ક્યારે લાવો છો? આ બધા તો બે બે વખત વંચાઇ ગયા..." સામાન્યતઃ ૧૯૬૨-૬૩ માં જવાબ એજ મળતો "કોઇક અનુદાન મળશે તો નવા પુસ્તક આવશે" બરોબર ૫૦ વર્ષે જો એનીજ ઉમરનો કોઇ બાળક જો આ પ્રશ્ન પુછે તો જવાબ મળે કોમ્પ્યુટર ખોલ..નવી ઇ બુક્સ રોજની હજાર નાં પ્રમાણે આવે છે

હા. પહેલા આ ઇ બુક પી ડી એફ સ્વરૂપે મળતી હવે તેને કીંડલ કે આઇ પેડ ના સ્વરુપે રુપાંતરીત કરી કેટલીયે નવી સવલતો સાથે મળે છે. અને યુવા વર્ગ કે જે ગુજરાતી લખતો કે વાંચતો નથી કહેતા કેટલાય ટીકાકારોને જડબે સલાક રીતે હજાર જેટલા બ્લોગો રચીને યુવાનોએ મંતવ્ય સુધાર્યુ છે કે... તેઓ ગુજરાતી રચે છે ..વાંચે છે અને વહેંચે પણ છે..હા. પણ અમે પુસ્તક સ્વરુપે નહી પણ તકનીકી સ્વરુપે અમે વાંચીયે છે. જેમકે રીડ ગુજરાતી કે લય સ્તરો અને પરમ ઉજાસ જેવી વેબ પેજ પર દિવસ્ની ૫૦૦થી ૬૦૦ મુલાકાતો એટલું તો સુચવે જ છે કે સુઘડ અને સારુ સાહિત્ય તો દરેક સ્થળે વંચાય છે જ.

એમેઝોન અને બાર્ન્સ નોબેલ જેવા સ્ટોરોની વેબ સાઇટો જોશો તો અંગ્રેજીમાં ઘણા પુસ્તકો ઇ બુકમાં મળે છે..

આ ઇ બુક છે શું? અને તે પધ્ધતિ આવનારા વર્ષોમાં શું ચમત્કાર કરી શકશે તે વાત આજે મારે આપને કહેવી છે.

પુસ્તક યુગનાં રસિકોને આજે પણ વરંડાની આરામ ખુરશીમાં કે હીંચ્કે ઝુલતા ઝુલતા પુસ્તક વાંચવું ગમે છે.૨૦૦થી કોમ્પ્યુટર જગતે દુનિયાને સાવ નાની કરી નાખી..ગુજરાતી સહિત ભારતની દરેક ભાષાઓ માટે "ટ્રાન્સલીટેરેશન" દ્વારા કી બોર્ડ શોધાયા.. અને સોનલબેન વૈદ્ય ,મૃગેશ શાહ નીલેશ વ્યાસ, વિશાલ મોણપરા જેવા ઉત્સાહી અને માતૃભાષા માટે અનહદ પ્રેમ ધરાવતા કોમ્પ્યુટર જ્ઞાતાઓ એ વિશ્વભરમાં ફેલાયેલી ગુજરાતી પ્રજાને ગુજરાતી ભાષાનો અમુલ્ય વારસો વેબ પર ઢગલે બંધ પીરસવા માંડ્યો

૨૦૦૯નાં તબક્કામાં એડોબી એ નવી પધ્ધતિ વિકસાવી કે જેમાં કોમ્પ્યુટર પર પુસ્તક વાંચતો વાચક પાનુ ફેરવી શકે. ફોંટ નાનામોટા કરી શકે રંગીન ચિત્રો જોઇ શકે અને ઑડીયોમાં લેખકને પણ સાંભળી શકે.. અથવા નવલકથાઓ લાબી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

મુસાફરીમાં એમ પી ૩ પર સાંભળી શકે. આ સંશોધન મૂળભૂત રુપે વૃક્ષોનાં થતાં કચ્ચરઘાણને રોકવા અને વાતાવરણનાં વધતા તાપમાન ને રોકવાનાં પ્રયત્ન તરીકે થયું.

નવ યુવાનો માટે આ આઈ-પેડ નાનું અને હલકું લેપટોપ જ છે જે કોલેજ્માં નોટ્સ લેવામાં કામ લાગે..સમાચાર પત્રો વાંચવામાં કામ લાગે..ફોટા પાડવામાં કામ લાગે અને ચેટીંગમાં પણ કામ લાગે. ઇમેલ ની લેવડ દેવડમાં પણ કામ લાગે પેન્સીલ્વીયાનો મરાઠી બંધુ મંદાર જોગલેકર એક ધૂણી ધખાવીને બેઠો છે કે પુસ્તકોની દુનિયામાં ભારતિય ભાષામાં પુસ્તકો વિશ્વમાં સમગ્ર ઉપલ્બ્ધ કરવા પોતાની સબળ ટેકનોલોજી વિકસાવી અને ૩૫૦૦૦ કરતા વધુ પુસ્તકો તેમની વેબ સાઈટ http://www.bookganga.com/eBooks/ ઉપર મુકે છે. http://www.ekatrabooks.com/ ના અતુલભાઇ રાવળ પણ આ ગુજરાતી પુસ્તકોને વેબ ઉપર મુકવા કટી બધ્ધ થયા છે.

“ગુજરાત ટાઇમ્સ”નાં સીનીયર એડીટર રમેશ તન્ના જણાવે છે કે મનુભાઇ પંચોલી ‘દર્શક’ દાદાએ વર્ષો પહેલાં રાધનપુરમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં એવું કહ્યાનું યાદ છે કે સાહિત્યકારોએ સામાન્ય વાચક સુધી પહોંચવા માટે અદ્યતન ઉપકરણોનો પણ ઉપયોગ કરવો જોઇએ. તેમનો ઇશારો ટેલિવિઝન, ફિલ્મો વગેરે તરફ હતો. વર્ષો પહેલાં મનુદાદા જે જોઇ શક્યા હતા તે ટૅક્નોલૉજીથી તરબતર સમયકાળ હોવા છતાં ગુજરાતી પ્રકાશકો હજી કેમ જોઇ શકતા નથી તેની નવાઇ લાગે છે.

ટૅક્નોલૉજીને કારણે સમગ્ર વિશ્વમાં, લગભગ તમામ ક્ષેત્રોમાં પરિવર્તનો આવ્યાં છે. એમાંથી વાચન અને લેખનનું ક્ષેત્ર પણ સહેજે બાકાત નથી. સમગ્ર વિશ્વમાં અત્યારે ડિજિટલ પુસ્તકો અથવા ઇ-બુક્સની બોલબાલા વધી રહી છે. એ કબૂલ છે કે હજી આવનારાં ઘણાં વર્ષોમાં માણસજાત છપાયેલાં પુસ્તકોનો ઉપયોગ કરશે, પરંતુ ઇ-બુક્સનું પ્રભુત્વ પણ ઘણું વધવાનું છે. અત્યારના ડિજિટલના યુગમાં કાગળનાં પુસ્તકોનું સ્થાન ઇ-બુક લઇ રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઇ-બુક્સના ઘણા ફાયદા છે. સૌથી મોટો ફાયદો પર્યાવરણની બચતનો છે. છપાયેલાં પુસ્તકો માટે હજારો લાખો વૃક્ષોનું નિકંદન નીકળી જાય છે.ઇ-બુક્સમાં કાગળની જરૂર જ નથી. બીજી વાત છે કિંમતની. છપાયેલાં પુસ્તકોની સરખામણીમાં ઇ-બુક્સની કિંમત ઘણી નીચી હોય છે. વળી, પુસ્તકો રાખવા માટે હવે લોકો પાસે જગ્યા નથી ત્યારે ઇ-બુક્સ તેમાં ખૂબ ઉપયોગી છે. સૌથી મોટી વાત છે નવી પેઢીની આદતની. હવે નવી પેઢી પેઢી અત્યંત કમ્પ્યૂટર અને ટૅક્નોલૉજી ફ્રૅંડલી છે. તેની પાસે જો છપાયેલાં પુસ્તક અને ઇ-બુક્સ એમ બે વિકલ્પો હોય તો તે ઇ-બુક્સનો વિકલ્પ પસંદ કરશે.

ગુજરાતીઓ સમગ્ર વિશ્વના 100થી વધુ દેશોમાં પથરાયેલા છે. તેઓ પોતાની માતૃભાષા ગુજરાતીને ખૂબ ચાહે છે. ગુજરાતીમાં પુસ્તકો વાંચવા સતત આતુર રહે છે. આ સ્થિતિમાં ગુજરાતી ભાષામાં ઇ-બુક્સની પ્રવૃત્તિ ખૂબ ઝડપથી વેગ પકડશે તેમાં કોઇ શંકા નથી. સવાલ ફક્ત એટલો જ છે કે આ પ્રવાહમાં આપણે કેટલી ઝડપથી ઝંપલાવીએ છીએ અને વિશ્વના તાલ સાથે તાલ મિલાવીએ છીએ.

ગુજરાતી ભાષામાં વેબ ઉપર લખનારા લેખક મિત્રો માટે તથા નિયમિત રીતે મેગેઝીનો બહાર પાડનારા મિત્રોને વિશ્વનો સમગ્ર વાચક વર્ગ મળી રહે અને લેખકોને તેમના પુસ્તકોની લાંબી આયુ ( shelf life) મળે તે ભાષાનાં સંરક્ષણ અને સંવર્ધન નો શ્રેષ્ઠ રસ્તો મને તો દેખાય છે. અને કદાચ ” ગુજરાતી ભાષા તેની અસ્મિતા ગુમાવી રહી છે” તેવો કાગારૉળ કરી રહેલા મિત્રોને ગુર્જર ભાષા નવ સ્વરુપે ખીલી રહી હોવાનાં એંધાણ મળી રહ્યા છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.